## ૦:- સને ૨૦૧૬- ૨૦૧૭ ના વર્ષના ચીકુ પાક ઉત્પાદનના નિયમો :- ૦

(૧) ચીકુની સીઝન દરમ્યાન બે દિવસ પહેલાં નોંધ આપવાની રહેશે. ૫ મણની છુટ રહેશે.બાકીના માટે નોંધ ફરજીયાત છે.

(૨) ચીકુની નોંધ બપોરે ૪ =૦૦ થી ૭ =૦૦ દરમ્યાન ચીકુ વિભાગમાં આપવી.

(૩) તોલનો સમય બપોરે ૪ =૦૦ થી ૭ =૦૦ કલાક સુધીનો રહેશે.

(૪) નોંધાયેલ ચીકુ લાવી શકાય એમ નહીં હોય તો તોલના આગલા દિવસે સાંજે ૪ =૦૦ થી ૭ =૦૦ દરમ્યાન ચીકુ વિભાગમાં જાણ કરવી.

(૫) ફાટેલાં,છુંદાયેલા તથા ટોચવાળા ચીકુ અલગ લાવવાના રહેશે. વણીને જુદા નહી લાવનારને જેટલા ચીકુ આવા નીકળશે તેનાથી બમણું વજન ચીકુમાંથી બાદ કરી આપવામાં આવશે લીલાં તથા કુટીયાં તથા ટોચવાળાં ચીકુ બે ત્રણ માણસો રાખી વણાવવામાં આવશે.અને તે કુલ વજનમાંથી ડબલ વજન કાપી આપવામાં આવશે તથા ક્વોલીટી આપવામાં આવશે નહી.

(૬) ચીકુની ગણત્રી કોઈ પણ કોથળામાંથી અલગ ટોપલી ભરી કરવામાં આવશે.

(૭) ભાવની જંત્રી નંગ અને ક્વોલીટી દીઠ ૧૦=૦૦ કિલોના વજનમાં ગણવી.

(૮) ક્વોલીટી ૧૦ =૦૦ કીલો દીઠ ૫ -૦૦ માંથી મુકવી.ક્વોલીટી માલની પરીપકવતા નંગ અને સફાઈ ધ્યાનમાં લઈ મુકવામાં આવશે.

(૯) ચીકુની જંત્રી ગોઠવતી વેળા ૭૦ ટકા જેટલા ચીકુ સ્ટેજમાં આવતા હોય તે ધ્યાનમાં રાખી માલની એવરેજ જોઈ ૧૬ થી ૨૦ સ્ટેજની જંત્રી ગોઠવવામાં આવશે.

(૧૦) ચીકુના ભાવો બજાર પ્રમાણે નક્કી કરવામાં આવશે.તેમ જ જંત્રીની શરુઆતના નંગોથી ઉત્તમ મોટા હોય તો તેને ઉત્તેજન આપવામાં આવશે.

(૧૧) ચીકુ નોંધાવી મંડળમાં લાવનાર સભાસદોનો માલ મંડળના કંપાઉન્ડમાં લાવ્યા પછી કોઈ પણ સંજોગોમાં પાછા લઈ જવાશે નહી.

(૧૨) ચીકુની સીઝનમાં સાંજે ૭ =૦૦ વાગ્યા સુધીમાં ચીકુ તોલ ઉપર લાવવા સાંજે ૭ =૦૦ વાગ્યા પછી લાવનારને ચીકુની જંત્રીમાં ૧ =૦૦ રુપિયો કાપી તોલવામાં આવશે.ચીકુ ડાઘાવાળા લાવનારને ક્વોલીટી મળશે નહી.

(૧૩) ચીકુની સીઝન દરમ્યાન મંડળ દ્વારા સભાસદોની વાડી ઉપર તપાસ દરમ્યાન જો વાસી ચીકુ પાડેલાં માલમ પડશે તો તે સભાસદના બીજા દિવસના બીલ ઉપર મણ દીઠ રુપિયા ૨૦ =૦૦ કાપીને બીલ બનાવવામાં આવશે.

(૧૪) સંજોગ અનુસાર સભાસદોના અને સંસ્થાના હીતમાં જરુરી ફેરફાર કરવાની સત્તા મંડળની પાક ઉત્પાદન અને વેચાણ સમિતિની રહેશે.